## જિલ્લાના શહેરી વિસ્તારના માર્ગો ઉપર ગાયોની ધમાચકડી, રાહદારી વાહનચાલકોના માથે જોખમ

### ચોમાસામાં ઢોરનો ત્રાસ વકર્યો, પાલિકા વિસ્તારોમાં ઢોર પકડવાની કામગીરી અદ્ધરતાલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના શહેરી વિસ્તારોમાં રખડતા ઢોરનો ઉપદ્રવ અનેક ગણો વધી ગયો છે તેમાંય ગાયોનાં ધન માર્ગો ઉપર હળીયાપટ્ટી કાઢી ધમાચકડી મચાવતાં હોવાથી રાહદારી અને વાહન ચાલકોના માથે જોખમ ઉભું થયું છે. ચોમાસામાં રખડતાં ઢોરનો ત્રાસ અસહ્ય થયો હોવા છતાં પાલિકા વિસ્તારોમાં ઢોર પકડવાની કામગીરી અદ્ધરતાલ રહી છે. માથાના દુઃખાવારૂપ બનેલા ઢોરના પ્રશ્ને જાગ્રત નાગરિકો દ્વારા રજૂઆતો થઈ હોવા છતાં કોઈ અસરકારક કામગીરી થઈ ન હોવાથી શહેરી વિસ્તારના જાહેર માર્ગો ઢોરવાડામાં તબદીલ થયા છે.



શહેરી વિસ્તારના માર્ગો ઉપર લારી-પાથરણાંવાળાઓએ દબાણ કરી હાટડીઓ માંડી છે. જ્યારે આડેધડ વાહન પાર્કીંગથી ટ્રાફીકની સમસ્યા કાયમી બની છે છતાં જવાબદાર તંત્ર દ્વારા જાહેર માર્ગો ઉપર વાહન વ્યવહાર સુલભ અને સુરક્ષિત બને તેવા કોઈ ઠોસ પ્રયાસ થયા નથી. જેમાં હવે રખડતા ઢોરનો ત્રાસ સૌ કોઈ માટે ત્રાસદાયક બન્યો છે. જિલ્લામાં ચોમાસાના આરંભ સાથે બાયડ, મોડાસા, ઈડર, હિંમતનગર, વડાલી, તલોદ, પ્રાંતિજ સહિતના શહેરી વિસ્તારોમાં રોડ ઉપર ઢોરવાડાની જેમ પશુઓ રખડવા લાગ્યાં છે. માર્ગો ઉપર અડીંગા જમાવીને બેસી જતા પશુઓના કારણે ટ્રાફીક વ્યવસ્થા ખોરંભે પડી છે. છેલ્લા કેટલાક સમયથી શહેરી વિસ્તારોના માર્ગો ઉપર ગાયના ધન છૂટાં મૂકી દેવાય છે. જેના કારણે ક્યારેક ગાયો સામસામે શિંગડાં ભરાવી ધમાચકડી મચાવતી હોવાથી વાહન ચાલક અને રાહદારીઓ હડફેટે આવી ગંભીર રીતે ઘાયલ થવાની દહેશત ઉભી થઈ છે. છેલ્લા કેટલાય સમયથી રખડતાં ઢોરનો ઉપદ્રવ તમામ વિસ્તારોમાં વધી ગયો છે છતાં ઢોર પકડવાની કોઈ કામગીરી થઈ નથી.

## અરવલ્લીમાં કાચી ચીઠ્ઠી ઉપર થતા લાખોના વેપારથી જી.એસ.ટી.ને ઘુંબો

### વેપારીઓ ગ્રાહકોને પાકુ બીલ આપતા ન હોવાની ફરિયાદ, ૩૦૦ થી વધુ કટલરી-અન્ય દુકાનોમાં કર ચોરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

અરવલ્લી જિલ્લામાં વેપારીઓ દ્વારા ગ્રાહકોને ચીજવસ્તુની ખરીદીમાં પાકુ બીલ ન આપી મોટાપાયે જી.એસ.ટી.ની ચોરી કરવામાં આવતી હોવાની ફરિયાદ ઉઠી છે. જિલ્લામાં અંદાજીત ૩૦૦ થી વધુ કટલરી અને અન્ય મોટી દુકાનોમાં કાચી ચીઠ્ઠી ઉપર રોજ લાખોનો વેપાર થઈ રહ્યો છે પરંતુ જી.એસ.ટી. નંબર સાથેનું બીલ આપવામાં આવતું ન હોવાથી વિભાગને ટેક્ષમાં ધુમ્બો પડી રહ્યો છે.

જી.એસ.ટી. વિભાગ દ્વારા કરચોરી પકડવા માટે ટીમો બનાવી ઓચિંતિ તપાસ હાથ ધરવામાં આવતી હોય છે. અત્યાર સુધીમાં કરોડો રૂપિયાની કરચોરી વિભાગે પકડી છે જેમાં મોટા વ્યવહારો ઉપર વિભાગની નજર રહેતી હોય છે પરંતુ કાચી ચીઠ્ઠી ઉપર થતા લાખોના વેપાર સામે તંત્ર આશ્ચર્યજનક રીતે ચૂપ બન્યું છે. અરવલ્લી જિલ્લાના શહેરી વિસ્તારથી માંડી ગ્રામ્ય વિસ્તારોમાં રોજ જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓની ખરીદીમાં વેપારીઓ ગ્રાહકોને પાકું બીલ આપતા નથી. જ્યારે કોઈ ગ્રાહક પાકા બીલની માગણી કરે ત્યારે વેચેલો માલ પરત લઈ બીલ આપવાથી હાથ ઉંચા કરી દેવામાં આવતા હોય છે. જિલ્લામાં લાખો રૂપિયાનું ટર્નઓવર ધરાવતા કટલરી અને ખાસ કરીને હોજીયરીના વ્યવસાયમાં જી.એસ.ટી.વાળું પાકું બીલ આપવું ફરજીયાત છે પરંતુ વેપારીઓ માત્ર કાચી ચીઠ્ઠી આપી ગ્રાહકોને સમજાવી દેતા હોય છે. જિલ્લામાં કરીયાણાની ચીજવસ્તુની ખરીદીમાં પણ મોટા દુકાનદારો બીલ ન આપી કર ચોરી ખુલ્લેઆમ કરી રહ્યા છે. ગ્રાહકો પાસેથી જી.એસ.ટી. સહિતની કિંમત વસુલવામાં આવે છે પરંતુ મોટાભાગે બીલ વગરનો વેપાર થતો હોવાથી જી.એસ.ટી. વિભાગને દૈનિક લાખો રૂપિયાનો ફટકો પડતો હોવાનો અંદાજ છે. છેલ્લા કેટલાય સમયથી જી.એસ.ટી. વિભાગે પણ દૈનિક કાચી ચીઠ્ઠી ઉપર થતા વેપાર ઉપરથી નજર ફેરવી લીધી છે જેથી કર ચોરી કરનારા વેપારીઓને મોકળું મેદાન મળ્યું છે.

## અરવલ્લી જિલ્લામાં લોકોના પ્રશ્નોનું નિરાકરણ લાવવા પ્રભારીમંત્રીની અધ્યક્ષતામાં બેઠક

### પ્રજાલક્ષી કામોમાં જોડાઈને પ્રજાના નકારાત્મક પ્રશ્નોનું નિરાકરણ લાવો : પ્રભારી

બાયડ તા.૨૯

અરવલ્લી જીલ્લામાં લોકોના પ્રશ્નોનો ઝડપથી નિરાકરણ લાવવા માટે જીલ્લાના કલેકટર કચેરીના સભાખંડ ખાતે વન અને આદિજાતી વિકાસમંત્રીશ્રી તથા અરવલ્લી જીલ્લા પ્રભારીમંત્રીશ્રી રમણલાલ પાટકરની અધ્યક્ષતામાં તથા જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ.

જેમાં આ બેઠકમાં ૭૨ જેટલા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી. તેમાં સામુહિકના ૩૨ પ્રશ્નો વ્યક્તિગત ૨૮ તથા તથા નીતિવિષયક ૧૨ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી.જેમાં તાલુકાના જુદા-જુદા પ્રશ્નોની રજૂઆત વિગત વાર કરાઈ.



જેમાં લોકો દ્વારા મોડાસાના બોરડી ગ્રામ પંચાયતના લીઝના બાબતે, મોડાસામાં વારંવાર વીજળી જતી રહેવા, મોડાસામાં સુજલામ સુફલામ યોજનાની પાઈપ લાઈનથી આજુબાજુના કિલોમીટરના અંતરના તમામ તળાવો ભરવા બાબતે, મોડાસાના મોટી બોરડી ખાતે સી.સી. રોડ મજુર કરવા બાબતે દાવલી ગ્રામ પંચાયતની હદમાં આવેલ શામપુર દાવલીના ડુંગર પર ખનીજ કોરી યુદ્ધના ધોરણે બંધ કરાવવા બાબત, કસાણા ગમે પોલીસ ચોકીની મંજૂરી આપવા બાબત, ડામોર ફળિયામાં જ્યોતિગ્રામ યોજનાનો લાભ આપવા બાબત, મોડાસા કોલીવડ ખાતે નવી આંગણવાડી કાર્યરત કરવા બાબત, મેઘરજના ઈટવા ગમે ગૌચર જમીનમાં થયેલ દબાણ દુર કરવા બાબત, કંટાળુ ગામે કેનાલ ચાલુ કરવા બાબત, ભિલોડા બંધ બસો પુનઃ ચાલુ કરવા બાબત, ભિલોડા જુના મકાનને નવીન કરવા બાબત, મોંઘરી ગ્રામપંચાયતમાં નર્મદાના પાણી માટે અન્ડર ગ્રાઉન્ડ ટાંકાની જરૂર હોઈ મંજૂર કરવા બાબત, આદિવાસી વિસ્તારમાં રોજગારની તકો ઉભી કરવા બાબત, માલપુર ગંદકી દુર કરવા બાબત જેવા પ્રશ્નોની રજૂઆત સામુહિક અને વ્યક્તિગત રીતે કરવામાં આવી.

જે અંતર્ગત વન અને આદિજાતી વિકાસમંત્રીશ્રી તથા અરવલ્લી જીલ્લા પ્રભારીમંત્રીશ્રી રમણલાલ પાટકરે જણાવ્યું કે, આ પ્રકારના કાર્યક્રમ ભૂતકાળમાં સરકારશ્રીની સૂચના પ્રમાણે કામ કરવું, સંપાદનમાં આવેલ વળતરના રજૂઆત બાદ મળેલ હોવાથી પ્રશ્નોને પૂર્ણ કરવા, આજે તંત્રશ્રી દ્વારા લોકોના પ્રશ્નોને સાભળવા અને નિકાલ કરવા, રેશનકાર્ડના પ્રશ્નોનો પણ નિકાલ કરવો,પ્રજાલક્ષી કામોમાં જોડાઈને પ્રજાના નકારાત્મક પ્રશ્નોનો નિકાલ લાવવો, પ્રજાના પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ લાવવું, આજે આવેલ પ્રશ્નોમાં જે પણ સબંધિત અધિકારીશ્રીઓએ આ પ્રશ્નોની નોંધ લેવી તથા પ્રજાને કોઈ પમ કામ માટે વારંવાર કચેરીઓના ધક્કા ન ખાવા પડે તેનું ધ્યાન રાખવું તથા પ્રજાના દરેક પ્રશ્નોનો ઝડપથી નિરાકરણ લાવીશું તેમ પ્રજાને અનુરોધ કર્યો.

તેમણે વધુમાં જણાવ્યુ કે ૧ ઓગસ્ટથી ૯ ઓગસ્ટ સુધી સરકારના ૫ વર્ષ પૂર્ણ થવાના અવસર નિમિત્તે અનેક કાર્યક્રમો યોજાશે જેમાં લોકોને અનાજ ન મળતું હોય તેવા લોકોની કાળજી લેવી તથા તેમણે સરકારની દરેક યોજનાઓનો લાભ મળતો રહે.

આ બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારીશ્રી શ્વેતા તેવટિયા, જીલ્લા પંચાયત પ્રમુખશ્રી લાલસિંહ ચૌહાણ , જીલ્લા અગ્રણી પ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ પટેલ, જીલ્લા અધિક નિવાસી કલેકટરશ્રી પ્રદીપસિંહ રાઠોડ, મોડાસા પ્રાંત અધિકારીશ્રી મયંક પટેલ, બાયડ પ્રાંત અધિકારીશ્રી વિમલ બારોટ, જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી શ્રીમાળી,પ્રયોજના વહીવટદારશ્રી, ડી.વાય. એસ. પી. શ્રી વિશાલ રબારી, આઈ. સી. ડી. એસ. અધિકારીશ્રી, પ્રાથમિક શિક્ષણાધીકારીશ્રી, સિંચાઈ અધિકારીશ્રી, જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રી તથા જીલ્લાના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા..

## જિલ્લામાં દશામાના વ્રતને લઈ મૂર્તિકારો-વેપારીઓ અવઢવમાં

### દિવાસાના તહેવારને અનુલક્ષી ગાઈડલાઈનનો અભાવ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

દશામાના વ્રતને આડે ગણતરીના દિવસ બાકી રહ્યા છે. વહીવટી તંત્ર દ્વારા પ્રતિમા વિસર્જન મુદ્દે યોગ્ય ગાઈડલાઈન જાહેર કરવામાં ન આવતાં દશામાનું વ્રત કરનારા ભક્તો અવઢવમાં મૂકાયા છે. જ્યારે વ્રતપૂર્વે દશામાની મૂર્તિ તૈયાર કરનારા કારીગરોને પણ સતત બીજા વર્ષે પણ નુકસાન સહન કરવું પડે તેની ચિંતા સતાવી રહી છે. દશામાના વ્રતને આડે ગણતરીના દિવસ બાકી રહ્યા હોવા છતાં બજારોમાં મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે.

જિલ્લામાં દર વર્ષે દશામાના વ્રતની હર્ષોલ્લાસથી ઉજવણી કરવામાં આવતી હોય છે. ગત વર્ષે કોરોનાની મહામારીના કારણે જાહેરમાં મૂર્તિ સ્થાપન તેમજ વિસર્જન ઉપર પ્રતિબંધ મૂકવામાં આવતાં મૂર્તિ બનાવી પરિવારનું ગુજરાન ચલાવનારા કારીગરોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે આ વર્ષે કોરોનાનું સંક્રમણ ઘટતાં સરકારે તબક્કાવાર રીતે અનલૉકનો અમલ શરૂ કર્યો મોટા દેવસ્થાનો પણ દર્શનાર્થીઓ માટે ખુલ્લાં મૂકવામાં આવ્યાં છે. જ્યારે પર્યટક સ્થળો ઉપર પણ કોવિડ ગાઈડલાઈન અનુસાર પ્રવાસીઓને છૂટ આપવામાં આવી છે પરંતુ હજુ સુધી દિવાસાના તહેવારને અનુલક્ષી કોઈ સ્પષ્ટ ગાઈડલાઈન જાહેર થઈ શકી નથી જેથી મૂર્તિકારો અવઢવની સ્થિતિમાં છે. પર્વને આડે એક સપ્તાહનો સમય બાકી રહ્યો છે જેથી દશામાનું વ્રત કરનાર ભક્તોમાં ઉત્સાહ છે પરંતુ બજારોમાં વાતાવરણ શુષ્ક બની રહ્યું છે. ગત વર્ષની જેમ આ વર્ષે પણ મૂર્તિ બનાવનારાઓને મોટું નુક્સાન થવાની દહેશત સતાવી રહી છે.

## રાજ્ય સરકારના પાંચ વર્ષ પૂર્ણ થવાના અવસરે અરવલ્લી કલેકટરની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ

### જિલ્લામાં ૧ ઓગસ્ટથી ૯ ઓગસ્ટ સુધીના કાર્યક્રમની ઉજવણીના આયોજન સંદર્ભે નોડલ અધિકારીઓની નિમણુંક કરીને કામગીરી સોંપાઈ

બાયડ તા.૨૯

રાજ્ય સરકારના પાંચ વર્ષનો યશસ્વી કાર્યકાળ પૂર્ણ થવાના અવસરે સમગ્ર રાજ્યમાં પ્રજાલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત અરવલ્લી જીલ્લામાં આગામી સમયમાં તારીખ ૧ઓગસ્ટ ૨૦૨૧ થી ૯ ઓગસ્ટ ૨૦૨૧ સુધી જનલક્ષી કાર્યક્રમોની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જે કાર્યક્રમોની ઉજવણી સરકારશ્રીના તમામ વિભાગો સહિત જન ભાગીદારીથી કરવાની થાય છે. આ જનહિતલક્ષી કાર્યક્રમોને અનુલક્ષીને અરવલ્લી જીલ્લામાં ૧ લી ઓગસ્ટથી ૯ ઓગસ્ટ ૨૦૨૧ સુધી યોજાનાર છે.



જે અંતર્ગત કાર્યક્રમોની તૈયારીઓને આખરી ઓપ આપવા માટે જીલ્લાના વરિષ્ઠ અધિકારીશ્રીઓને સુચારુ માર્ગદર્શન પૂરું પાડવા માટે અરવલ્લી જીલ્લાના કલેકટર કચેરીના સભાખંડ ખાતે જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીના અધ્યક્ષતામાં તથા જીલ્લા અધિક નિવાસી કલેકટરશ્રી પ્રદીપસિંહ રાઠોડની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ.

જેમાં આ બેઠકમાં ૧ ઓગસ્ટે "જ્ઞાન શક્તિ દિવસ", ૨ ઓગસ્ટે "સંવેદના દિન", ૪ ઓગસ્ટે "મહિલા સશક્તિકારણ દિવસ" ૫ ઓગસ્ટે "ધરતીપુત્ર સન્માન દિવસ" ૬ ઓગસ્ટે 'યુવા શક્તિ દિવસ" ૭ ઓગસ્ટે "ગરીબ ઉત્કર્ષ દિવસ" ૮ ઓગસ્ટે "શહેરી જન સુખાકારી દિવસ" તથા ૯ ઓગસ્ટે "વિશ્વ આદિવાસી દિવસ" ની ઉજવણી જીલ્લાના તાલુકાના જુદા-જુદા સ્થળોએ થવાનું હોવાથી આ કાર્યક્રમોનું આયોજનને ખૂબ સારી રીતે પૂર્ણ કરવા અંગે નોડલ અધિકારીશ્રીઓની નિમણુંક કરવામાં આવી.

જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાએ જણાવ્યું કે, આ તમામ કાર્યક્રમો ખૂબ જ સારી અને શાંતિપૂર્ણ રીતે પુરા કરવા, નોડલ અધિકારીશ્રીઓએ જે તે કાર્યક્રમનું પ્રારૂપ સબંધિત વિભાગમાંથી મેળવી લેવાનું રહેશે, દરેક પોતાની કામગીરીની જવાબદારી વ્યવસ્થિત રીતે પૂર્ણ કરવાની રહેશે તથા સંગ કાર્યક્રમો સરકારની ગાઈડલાઈન પ્રમાણે જ થવી જોઈએ.

આ બેઠકમાં જીલ્લા શિક્ષણાધિકારીશ્રી શ્રીમતિ ગાયત્રીબેન પટેલ, મોડાસા પ્રાંત અધિકારીશ્રી મયંક પટેલ, બાયડ પ્રાંત અધિકારીશ્રી વિમલ બારોટ, જીલ્લા આરોગ્ય અધીકારીશ્રી શ્રીમાળી, જીલ્લા ગ્રામ વિકાસ અધિકારીશ્રી બી.ડી દાવેરા તથા નોડલ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અરવલ્લી જિલ્લામાં હોમગાર્ડ જવાનોની ભરતી એક વર્ષ પછી અદ્ધરતાલ

### ઉમેદવાર દીઠ ઉઘરાણું થયાની ગરમાગરમ લોકચર્ચા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

અરવલ્લી જિલ્લામાં હોમગાર્ડ જવાનોની ભરતી છેલ્લા ૧ વર્ષથી અદ્ધરતાલ રહેતાં ઓછા પોલીસ સ્ટાફ ધરાવતા પોલીસ સ્ટેશનોમાં સુરક્ષાના પ્રશ્નો ઉભા થયા છે. જ્યારે ઉમેદવાર દીઠ ઉઘરાણું થયાની ગરમા ગરમ લોકચર્ચાએ હલચલ મચાવી છે.

જિલ્લામાં કોઈપણ ભરતી કરવાની હોય તેમાં ઉઘરાણાની ફરિયાદો સામાન્ય બની છે. કેટલાક કિસ્સાઓમાં તથ્ય હોય છે તો કેટલાક કિસ્સાઓમાં પારદર્શક ભરતી હોવા છતાં તેને ખોટી રીતે ચિતરવાના પ્રયાસ થતા હોય છે. જાણવા મળ્યા મુજબ જિલ્લામાં જી.આર.ડી.ની ભરતી પ્રક્રીયા મોંડેથી શરૂ કરવામાં આવી અને ઉમેદવારોને નિમણૂંક આપી દેવામાં આવી છે પરંતુ હોમગાર્ડ જવાનોની ભરતી પ્રક્રીયા શરૂ કર્યા પછી શારીરિક કસોટીઓ પાસ કરનારા અસંખ્ય બેરોજગારો આજે નિમણૂંક આવશે તેની રાહમાં છેલ્લા ૧ વર્ષથી ઉભા છે.

કેટલાક વિસ્તારોમાં તો ખુલ્લેઆમ લાગવગ અને પૈસાનું જોર ચાલ્યાના આક્ષેપ છે. જો કે આ બંન્નેમાં કેટલું તથ્ય છે તે ખુદ ઉમેદવાર અને ભરતી કરનારા જાણે પરંતુ અત્યારે તો હોમગાર્ડ જવાનોને ૧ વર્ષ પછી પણ નિમણૂંક ઓર્ડરો ન અપાતાં અત્યારે તો ભરતી પ્રક્રીયામાં કોણ આડખીલીરૂપ બન્યું છે..?? તેની ચર્ચાઓ જોરમાં છે.

## સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ધોધમાર વરસાદ નથી છતાં પણ છત્રી, રેઈનકોટના ભાવમાં ઉછાળો

### ૨૦ થી ૩૦ ટકા ભાવ વધારો, ખરીદીમાં પણ મંદી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

ચોમાસુ આવે એટલે બજારમાં રંગબેરંગી છત્રી અને રેઈનકોટના ઢગ ખડકાઈ જાય છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પ્રજા અને વહીવટી તંત્રની અપેક્ષા મુજબનો વરસાદ નથી છતાં બાયડ થી ખેડબ્રહ્મા સુધીના બજારમાં છત્રી, રેઈનકોટનો ખડકલો થયો છે અને ભાવમાં મોંઘવારી દેખાય છે. જો કે ખરીદીમાં મંદી હોવાના કારણે વેપરીઓની હાલત ખરાબ થઈ શકે છે.

વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસતો હોય ત્યારે અત્યારની નવી પેઢીને વરસાદમાં ભીંજાવવા કરતાં ઘરમાં પુરાઈ રહેવાનો વધુ રસ હોય છે પરંતુ પ્રકૃતિ પ્રેમી અનેક લોકો વરસાદના આગમનને વધાવવા માટે વરસતા વરસાદમાં બહાર આવી છબછબીયાં કરતા જોવા મળે છે. જિલ્લામાં એકપણ તાલુકામાં પ્રજાની અપેક્ષા મુજબનો સંતોષકારક વરસાદ વરસ્યો નથી. પરંતુ વરસાદને લગતી સામગ્રી બજારમાં ગોઠવાઈ ગઈ છે. વેપારીઓના જણાવ્યા અનુસાર આ વર્ષે ટ્રાન્સપોર્ટેશન મોંઘુ થયું છે તેમજ કોરોનાના કારણે અનેક ગૃહ ઉદ્યોગ પડી ભાંગ્યા અને તેની સીધી અસર વિવિધ ચીજવસ્તુઓના ઉત્પાદન ઉપર જોવા મળે છે. આ વર્ષે છત્રી અને રેઈનકોટના ભાવમાં ગત વર્ષની સરખામણીએ સરેરાશ ૩૦ ટકા જેટલો વધારો છે પરંતુ ગત વર્ષ કરતાં માંડ ૩૦ થી ૩૫ ટકા ઘરાકી જોવા મળી છે. જુલાઈ મહિનો પૂરો થયો અને હવે આગામી ૨ દિવસ પછી ઑગષ્ટ મહિનો શરૂ થવાનો છે ત્યારે છત્રી, રેઈનકોટનું વધુ વેચાણ થશે તેવી અપેક્ષા સાથે વેપારીઓ સારા દિવસની રાહ જોઈ રહ્યા છે.

### શાળાઓ બંધ હોવાથી છત્રી, રેઈનકોટના વેચાણમાં ઘટાડો

છત્રી, રેઈનકોટનું વેચાણ કરતા વેપારીઓ માટે પડતા ઉપર પાટુંનો ઘા સમાન સ્થિતિ છે. રેઈનકોટ, છત્રીનો સ્ટોક ભર્યો પરંતુ ધોધમાર વરસાદ વરસતો નથી જેના કારણે વેચાણ ખોરંભે પડયું છે. ધો.૧ થી ૧૨ની સંપૂર્ણ શાળાઓ ખૂલી નથી માત્ર ધો.૯ થી ૧૨ માં ૫૦ ટકા વિદ્યાર્થી સંખ્યા સાથે શાળાઓ ખૂલી છે. જેથી શાળાઓ બંધ હોવાના કારણે પણ છત્રી, રેઈનકોટનું વેચાણ આ વર્ષે ઓછું હોવાનું એક કારણ છે.

## મોડાસા : પરીક્ષા આપવા નીકળેલી વિદ્યાર્થીની ગુમ

### ટાઉન પોલીસે ફરિયાદ માટે આનાકાનીનો આક્ષેપ, AIMIM અને BTP આવેદનપત્ર આપ્યું

મોડાસા શહેરની સહારા સોસાયટીમાં રહેતી લઘુમતી સમાજની વિદ્યાર્થીની ધો.૧૨ આર્ટસની રીપીટર તરીકેની પરીક્ષા આપવા ઘરે થી નીકળ્યા પછી ભેદી રીતે ગુમ થઈ જતા યુવતીના પરિવારજનોએ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં વિદ્યાર્થીની ગુમ થવા અંગે ફરિયાદ નોંધાવવા જતા ધરમધક્કા ખવડાવી એક ચોકી થી બીજી ચોકી ધકેલતા હોવાનો આક્ષેપ કર્યોહતો ધો.૧૨ની વિદ્યાર્થીની ગુમ થતા AIMIM અને BTP ના અગ્રણીઓએ ટાઉન પોલીસને આવેદનપત્ર આપી ગુમ વિદ્યાર્થીનીને ઝડપથી શોધી આપવામાં આવેની માંગ કરી હતી વિદ્યાર્થીની ગુમ થઈ જતા વાલીઓ ચિંતીત બન્યા છે



મોડાસાના સહારા સોસાયટીમાં રહેતી અને ધો.૧૨ આર્ટસની રીપીટર તરીકે પરીક્ષા આપવા ઘરેથી નીકળેલી વિદ્યાર્થીની પરીક્ષાનો સમય પૂર્ણ થવા આવ્યો છતાં ઘરે ન પહોંચતા વિદ્યાર્થીનીના પરિવારજનો પરીક્ષા કેન્દ્ર પર દોડી ગયા હતા ત્યાં તપાસ કરતા વિદ્યાર્થીની પરીક્ષા જ આપવા આવી ન હોવાની જાણ થતા પરિવારજનોએ શોધખોળ હાથધરી હતી પરંતુ વિદ્યાર્થીનીનો કોઈ અત્તો-પત્તો ન લાગતા વિદ્યાર્થીની માતા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા જતા ફરિયાદ લેવાના બદલે કોલેજ પોલીસ ચોકી અને લિઓ પોલીસ ચોકી ધરમધક્કા ખવડાવતા વિદ્યાર્થીના પરિવારજનો અને લોકોમાં આક્રોશ જોવા મળ્યો હતો ગુમ વિદ્યાર્થીનીના પરિવારજનોની આપવીતી સાંભળી ઐૈસ્સેઅને ૅના પદાધિકારીઓ ગુમ વિદ્યાર્થીનીને ઝડપથી શોધી કાઢવામાં આવેની માંગ સાથે ટાઉન પીઆઈ એન.જી. ગોહીલને આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરી હતી ત્રણ દીવસ અગાઉ ધો.૧૨ ની રિપીટર તરીકે પરીક્ષા આપવા નીકળેલી વિદ્યાર્થીની રહસ્યમય રીતે ગુમ થઈ જતા શહેરમાં તરહ તરહની ચર્ચાએ જોર પકડ્યું છે તેમજ દિન દહાડે યુવતી ગુમ થવાની ઘટનાથી વિદ્યાર્થીઓ, વાલીઓ અને શહેરીજનોમાં ભયનો માહોલ પ્રવર્તી રહ્યો છે

## અરવલ્લી પેરોલ ફર્લો ટીમે ખૂંખાર રાજસ્થાની બીજુડા ગેંગના સાગરીતને તેના વિસ્તારમાંથી દબોચી લીધો : ૩૭ ગુન્હામાં વોન્ટેડ હતો

અરવલ્લી, સાબરકાંઠા મહેસાણા અને ગાંધીનગર જીલ્લામાં વર્ષોથી ધાડ, લૂંટ, ઘરફોડ, મંદિર ચોરી, બાઈક ચોરીના આચરનાર રાજસ્થાનની બીજુડા ગેંગનો સાગરીત વિનોદ ધુલેશ્વર મનાત તેના ગામમાં હોવાની બાતમી અરવલ્લી પેરોલ ફર્લો ટીમને મળતા છેલ્લા કેટલાક દિવસોથી પેરોલ ફર્લો ટીમે ડુંગરપુરના દેવલ ગામની આજુબાજુમાં વોચ ગોઠવી દીધી હતી આરોપી ખડકલા માતાના મંદીર નજીકથી પસાર થતા પોલીસ હોવાની ગંધ આવી જતા પોલીસ પકડથી બચવા દોટ લગાવતા પોલીસે પીછો કરી દબોચી લીધો હતો.

ડુંગરપુર વિસ્તારમાં તપાસમાં હતા ત્યારે બીજુડા ગેંગનો સાગરીત વિનોદ ધુલેશ્વર ઉર્ફે ધનેશ્વર મનાત તેના વતન દેવલમાં હોવાની બાતમી મળતા પેરોલ ફર્લો ટીમે દેવલ સહીત આજુબાજુના વિસ્તારમાં વોચ ગોઠવી દીધી હતી ત્યારે ખડકલા માતાના મંદીર નજીક બિંદાસ્ત પસાર થતો વીનોદ મનાત જોવા મળતા પોલીસ ત્રાટકી હતી પોલીસને જોઈ વિનોદ ગામમાં રોડ પર ભાગવા લાગતા પોલીસે પીછો કરી ઝડપી લેતા વિનોદ મનાતના મોતીયા મરી ગયા હતા ૩૭ થી વધુના ગુન્હાના આરોપી અને વર્ષ-૨૧૦૯માં ભિલોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચપ્પુની અણીએ લૂંટમાં ફરાર હોવાથી વિનોદ મનાતને ભિલોડા પોલીસને સુપ્રત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.